ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



બળદેવભાઈ કેશવલાલ સુથાર
શ્રેષ્ઠ શિક્ષક, રાજ્ય-રાષ્ટ્ર
મો. ૯૮૯૮૫ ૮૭૩૪૦



જય પી. પટેલ

# ટેક્વોનડો સ્પર્ધામાં ડીપીએસ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી



ગાંધીનગર, તા. ૪

ચોથી આંતરરાષ્ટ્રીય અને ૩૩મી રાષ્ટ્રીય ટેક્વોનડો સ્પર્ધા ત્યાગરાજ ઈનડોર સ્ટેડિયમ ખાતે યોજવામાં આવી હતી. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થી આર્યન પટેલે અન્ડર-૧૭ વિભાગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને શાળાનું તથા પરિવારનું નામ રોશન કર્યું હતું. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ તેને મુખ્ય અધ્યાપિકા મંજુ દાબી અને આચાર્ય અતનુ રથે સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ભારતીય શિક્ષણ બૉર્ડને સૈદ્ધાંતિક મંજૂરી

## આચાર્ય કુલમો, વિદ્યાભારતીની શાળાઓ, ગુરુકુલમો, પાઠશાળાઓને સરકારી માન્યતા ધરાવતાં પ્રમાણપત્રો એનાયત કરી શકાશે

ગાંધીનગર, તા. ૪

મહર્ષિ સાંદીપની રાષ્ટ્રીય વેદવિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન ગવર્નિંગ કાઉન્સિલની બેઠક માનવ સંસાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકરની અધ્યક્ષતામાં તાજેતરમાં યોજવામાં આવી હતી.

વૈદિક શિક્ષણ, વૈદિક ગણિત, સંસ્કૃત, વેદાભ્યાસ, પ્રાચ્યવિદ્યાઓ વિગેરે વિષયોના અભ્યાસની વિસ્તૃત ચર્ચા-વિચારણા આ બેઠકમાં કરવામાં આવી હતી. આ બેઠકમાં જ ભારતીય શિક્ષણ બૉર્ડને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ અંગેના કાયદાકીય માળખાં, અભ્યાસક્રમો, પરીક્ષા પદ્ધતિઓનાં બંધારણો-રચનાની પ્રક્રિયાઓની શરૂઆત થઈ ચૂકી છે. આ બૉર્ડની રચના થવાથી હવે આચાર્ય કુલમો, વિદ્યાભારતીની શાળાઓ, ગુરુકુલમો, પાઠશાળાઓને સરકારી માન્યતા ધરાવતાં પ્રમાણપત્રો એનાયત કરી શકાશે.

એપ્રિલ માસમાં ઉજ્જૈનમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય ગુરુકુળ શિક્ષણ સંમેલનની આ ફળશ્રુતિ છે. આ સંમેલન પછી સાબરમતી ગુરુકુલમને મહર્ષિ વેદવ્યાસ રાષ્ટ્રીય સન્માન પેટે રૂા. બે લાખ રોકડા અને સન્માનપત્ર સંસ્થાના કુલપતિ ઉત્તમભાઈ જવાનમલજી શાહને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના વરદ હસ્તે પ્રાપ્ત થયાં હતાં. સાબરમતી ગુરુકુલમની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશમાં અનેક ગુરુકુળો શરૂ થયાં છે અને હજુ ખુલી રહ્યાં છે.

# માનવીય મલિન ઈરાદો

મિ. ચેમ્બરલેન સાડા ત્રણ કરોડ પાઉંડ દક્ષિણ આફ્રિકાથી લેવા આવ્યા હતા, અંગ્રેજોનું અને બની શકે તો બોઅરોનું મન હરણ કરવા આવ્યા હતા. એટલે હિંદી પ્રતિનિધિઓને ઠંડો જવાબ મળ્યો.

'તમે જાણો છો કે જવાબદાર સંસ્થાઓની ઉપર વડી સરકારનો માત્ર નામનો અંકુશ છે. તમારી ફરિયાદો સાચી લાગે છે. હું મારાથી બનતું કરીશ, પણ તમારાથે બને તેવી રીતે અહીંના ગોરાઓને રીઝવીને રહેવાનું છે.'

પ્રતિનિધિઓ જવાબ સાંભલી ટાઢાબોળ થઈ ગયા. મેં હાથ ધોયા. 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી ફરી એકડો ઘૂંટવા બેસવું એમ સમજ્યો. સાથીઓને સમજાવ્યા.

મિ. ચેમ્બરલેનનો જવાબ શું ખોટો હતો? ગોળ ગોળ કહેવાને બદલે તેઓ સીધું બોલ્યા. 'મારે તેની તલવાર'નો કાયદો તેમણે કંઈક મધુર શબ્દોમાં સમજાવી દીધો.



પણ અમારી પાસે તલવાર જ ક્યાં હતી? અમારી પાસે તો તલવારના ઘા ઝીલવાના શરીરોય ભાગ્યે હતાં.

મિ. ચેમ્બરલેન થોડાં અઠવાડિયાં જ રહેવાના હતા. દક્ષિણ આફ્રિકા એક નાનકડો પ્રાંત નથી. એ એક દેશ છે, ખંડ છે. આફ્રિકામાં ઘણાં પેટા ખંડો સમાયા છે. કન્યાકુમરીથી શ્રી નગર જો ૧૯૦૦ માઈલ છે, તો ડરબનથી કેપટાઊન ૧૧૦૦ માઈલથી ઓછું નથી. આ ખંડમાં મિ. ચેમ્બરલેનને પવનવેગે ફરવું હતું. તેઓ ટ્રાન્સવાલ ખાતે ઉપડ્યા. મારે ત્યાંનો કેસ તૈયાર કરી રજૂ કરવો રહ્યો. પ્રિટોરિયા કઈ રીતે પહોંચવું? ત્યાં હું વખતસર પહોંચીશકું એ માટે પરવાનગી મેળવવાનું આપણા લોકોથી બની શકે તેમ નહોતું.

150 ગાંધીયાત્રા


લડાઈ પછી ટ્રાન્સવાલ ઊજડ જેવું થઈ ગયું અહ્તું. ત્યાં ખાવા પીવા અનાજ નહોતું. પહેરવા-ઓઢવા કપડાં નહોતાં. ખાલી અને બંધ થઈ ગયેલી દુકાનો ભરવી અને ઊઘાડવી રહી. તે તો ધીમે ધીમે થાય. જેમ મલ ભરાતો જાય તેમ ઘરબાર છોડી ભાગી ગયેલા માણસોને આવવા દેવાય. આથી દરેક ટ્રાન્સવાલવાસીને પાસ લેવો પડતો. ગોરાઓને તો પરવાનો માગ્યો મળતો. હિંદીઓને મુસીબત હતી.

લડાઈ દરમ્યાન હિંદુસ્તાનથી અને લંકાથી ઘણા અમલદારોને સિપાહીઓ દક્ષિણ આફ્રિકામાં આવી પહોંચ્યા હતા. તેમાંના જેઓ ત્યાં જ વસવા માગતા હોય તેમને સારુ સગવડ કરી દેવાની બ્રિટિશ રાજ્યાધિકારીઓની ફરજ મનાઈ હતી. અમલદારોનું નવું મંડળ બનાવવાનું તો તેમને હતું જ. તેમાં આ અનુભવી અમલદારો સહેજે ખપ લાગ્યા. આ અમલદારોની તીવ્ર બુદ્ધિએ એક નવું જ ખાતું શોધી કાઢ્યું. તેમાં તેમની આવડત પણ વધારે તો ખરી જ! હબસીઓને લાગતું નોખું ખાતું તો હતું જ. ત્યારે એશિયા વાસીઓને સારુ કાં નહીં? દલીલ બરોબર ગણાઈ. આ નવું ખાતું, હું પહોંચ્યો ત્યારે, ખૂલી ચૂક્યું હતું, તે ધીમે ધીમે પોતાની જાળ પાથરી રહ્યું હતું. જે અમલદર ભાગેલાઓને પરવાના આપતા તે જ ભલે બધાને આપે. પણ એશિયાવાસીને તેને શી ખબર પડે? જો આ નવા ખાતાની ભલામણથી જ એને પરવાનો મળે તો પેલા અમલદારની જવાબદારી ઓછી થાય ને તેના કામનો બોજો પણ કંઈક ઘટે, એવી દલીલ થઈ. હકીકત તો એ હતી કે, નવા ખાતાને કંઈક કામની ને કંઈક દામની જરૂર હતી. કામ ન હોયતો આ ખાતાની જરૂરિયાત સિદ્ધ ન થાય ને છેવટે તે નીકળી જાય. એટલે આ કામ સહેજે જડ્યું.

આ ખાતાને હિંદી અરજી કરે. પછી ઘણે દિવસે જવાબ મળે. ટ્રાન્સવાલ જવા ઈચ્છનારા ઘણા, એટલે તેઅમ્ને સારુ દલાલો ઊભા થયા. આ દલાલો ને અમલદારો વચ્ચે ગરીબ હિંદીઓના હજારો રૂપિયા લૂંટાયા. મને કહેવામાં આવ્યું હતું કે વગ વિના પરવાનાની રજા મળતી જ નથી ને વગ છતાં કેટલીક વાર તો જણ દીથ સો સો પાઉંડ જેટલો ખર્ચ થાય છે. આમં મારો પત્તો ક્યાં લાગે?

હું મારા જૂના મિત્ર ડરબનના પોલીસ સુઓપરિન્ટેન્ડેન્ટને ત્યાં પહોંચ્યો ને તેમને કહ્યું, 'તમે અમરી ઓળખાન પરવાના અમલદારને આપો ને મને પરવાનો કઢાવી આપો. હું ત્રાન્સવાલમાં રહ્યો છું એ તો તમે જાણો છો.' તેઓ તરત માથે ટોપી ઘાલી મારી સાથે આવ્યા ને મારો પરવાનો કઢાવી આપ્યો. મારી ટ્રેનને ભાગ્યે જ એક કલાક બાકી હશે. મેં સામાન વગેરે તૈયાર રાખ્યું હતું. મિ. અલેક્ઝાંડરનો ઉપકાર માની હું પ્રિટોરિયા જવા ઉપડ્યો.

મુશ્કેલીઓનો ચિતાર મને ઠીક ઠીક આવી ગયો હતો. પ્રિટોરિયા પહોંચ્યો. અરજી ઘડી. ડરબનમાં પ્રતિનિધિઓનાં નામ કોઈને પૂછ્યાનું મને યાદ નથી. અહીં તો નવું ખાતું ચાલતું હતું તેથી પ્રતિનિધિનાં નામ પહેલેથી પુછાયાં. મતલબ મને દૂર રાખવાની હતી એમ પ્રિટોરિયાના હિંદીઓને ખબર પડી ગઈ હતી.



# શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક ખાતે ઊર્જા સંરક્ષણ અંગે ડેમોન્સ્ટ્રેશન યોજાયું



ગાંધીનગર, તા. ૪

શ્રી સ્વામીનારાયણ પોલિટેકનીક, ગાંધીનગર ખાતે સોમવારે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે એક એનર્જી બચાવવા માટેની મોબાઈલ ડેમોન્સ્ટ્રેશન વાન દ્વારા એનર્જી કેવી રીતે બચાવી શકાય તેનો ડેમો યોજવામાં આવ્યો હતો. નિસર્ગ સેન્ટરના ડૉ. અનિલભાઈ પટેલ દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓને 'આપણે ઊર્જા ક્યાંથી મેળવીએ છીએ અને તે ઊર્જાનો સૌથી વધુ વ્યય ક્યાં થાય છે ? તે ઊર્જાનો વ્યય આપણે કેવી રીતે અટકાવી શકીએ તેના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે શું કરવું?' તે વિષયે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે આપણાં ઘરમાં વપરાતી ઊર્જાને કેવી રીતે બચાવી ઊર્જા સંરક્ષણમાં આપણું યોગદાન કેવી રીતે આપીને આવનારી પેઢી માટે ઊર્જા બચાવવી તેની માહિતી આપી હતી.

ડેમોન્સ્ટ્રેશન વાનમાં નરેશ ઠાકર દ્વારા વિદ્યાર્થીઓ અને સ્ટાફને વિવિધ ડેમોન્સ્ટ્રેશન કિટના માધ્યમથી ઊર્જા બચાવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સંગીત નાટક અકાદમી અને મધુર ડેરીના સહયોગથી

# સ્મિત મ્યુઝિક દ્વારા રવિવારે ગુજરાતી ગીતોનો કાર્યક્રમ

## કાર્યક્રમને માણવા ગુજરાતી ગીત-સંગીત રસિકોને આમંત્રણ

ગાંધીનગર, તા. ૪

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને મધુર ડેરીના સંયુક્ત ઉપક્રમે 'અવિનાશના અજવાળે બાગમાં ટહુકો' શિર્ષક હેઠળ ગુજરાતી સુગમ ગીત, ગઝલ, ભજન અને લોકગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

ટીવી ફેમ કલાકાર તુષાર પોતાની મ્યુઝિશિયન ટીમ સાથે આ કાર્યક્રમમાં ગીતોની રસલ્હાણ કરાવશે. અકાદમીના ચેરમેન પંકજ ભટ્ટ, સચિવ જ્યોતિષ ભટ્ટ, કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જ્હા, મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, જગતભાઈ કારાણી, હસમુખભાઈ પટેલ, સંજય થોરાત, ડૉ. ચેતના બુચ ઉપરાંત નગરની સંસ્થાઓના હોદ્દેદારો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. તા. ૧૦મી ફેબ્રુઆરી ને રવિવારના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમને માણવા ગુજરાતી ગીત-સંગીત રસિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નૅશનલ લેવલ સ્કૂલ ગેમ્સમાં ઍમ બી પટેલ સ્કૂલ ઝળકી



ગાંધીનગર, તા. ૪

ઉદેપુર, રાજસ્થાન ખાતે તાજેતરમાં સ્કૂલ ગેમ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલી નેશનલ ગેમ્સમાં ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓએ ૧૮ ગોલ્ડ મેડલ મેળવીને ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ આ પૈકી ત્રણ ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યા હતા. કરણ સોનીએ કિક બોકિંસગ (અન્ડર-૧૭)માં, આનંદ સીંગે કરાટે (અન્ડર-૧૭)માં અને પ્રેમ સીંગે પણકરાટે (અન્ડર-૧૯)માં ગોલ્ડ મેડલ જીતી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

શાળા પરિવાર વતી આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને ત્રણેય વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



નવગુજરાત કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૮ ખાતે 'રાષ્ટ્રીય ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ઉમા આર્ટ્સ અને નાથાબી કૉમર્સ કૉલેજમાં વિવિધ ડેની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરાઈ

## ડોનેશન ડે, મેસેજ ડે, લાયબ્રેરી ડે, સાડી ડે, ટ્રેડીશનલ ડે, પર્યાવરણ ડે, ફનફેર ડે વિદ્યાર્થિનીઓએ ભારે ઉત્સાહપૂર્વક ઉજવ્યા

ગાંધીનગર, તા. ૪

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ સેકટર-૨૩ ખાતે તા.૩૦-૦૧-૨૦૧૯થી વિવિધ સ્ટુડન્ટ ડેની ઉજવણીઓ થઈ. જેમાં ડોનેશન ડે, મેસેજ ડે, લાયબ્રેરી ડે, સાડી ડે, ટ્રેડીશનલ ડે, પર્યાવરણ ડે, ફનફેર ડે, બૅક ટૂ સ્કુલ ડે જેવા 'ડે' વિદ્યાર્થિનીઓએ ભારે ઉત્સાહપૂર્વક ઉજવ્યા હતા. સ્પર્ધાત્મક ડે 'સાડી ડે' અને 'ટ્રેડીશનલ ડે'ના નિર્ણાયકો તરીકે પ્રો. દીપ્તિબેન પંડયા અને ખુશ્બુબેન મિસ્ત્રીએ પોતાની સેવાઓ આપી અને નિર્ણયને અંતે વસ્ત્ર-દાગીના પરિધાન અંગે માર્ગ દર્શન આપી વિદ્યાર્થિનીઓનો ઉત્સાહ વધાર્યો હતો. 'ફનફેર ડે'માં વિવિધ વાનગીઓ,મોતીકામ હસ્તકલા વગેરેના સ્ટોલ આકર્ષક રહ્યા. ડોનેશન ડે નિમિતે ઉત્સાહપૂર્વક વિદ્યાર્થિનીઓએ અમૂલો ફાળો આપ્યો હતો, જે સમાજોપયોગી કાર્યોમાં ખૂબ મદદરૂપ થશે. સમગ્ર ઉજવણી દરમિયાન આચાર્ય અમૃતાબેન પટેલનું માર્ગદર્શન અત્યંત ઉપયોગી રહ્યું હતું. કમિટીના સભ્ય ઈન્ચાર્જ ડૉ. હિનાબેન મહેતા, પ્રો. જ્યોતિબેન પંચાલ તથા તમામ સ્ટાફ સભ્યોના સહકારથી આ ઉજવણી સંપન્ન થઈ હતી.

# બોરીજ પ્રાથમિક શાળામાં નાટકની ભજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૪

સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે કનૈયાલાલ ભટ્ટ લિખિત નાટક 'અવસર એક સુખનો'ની ભજવણી કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી રજૂ થયેલા આ નાટકના મંચન પ્રસંગે બોરીજના કોર્પોરેટર લલિતાબેન ઠાકોર, અધ્યક્ષ ચંદ્રેશસિંહ, ભરતભાઈ દિક્ષિત, વાઘાજી ખાંટ અને ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સ્વર્ણિમ ગુજરાત યુનિવર્સિટીમાં 'ડ્રૉ યૉર ડ્રીમ્સ' સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૪

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરના કેમ્પસ માં 'ડ્રો યોર ડ્રીમ્સ' સ્પર્ધાનું આયોજન ગયા અઠવાડિયે કરેલ હતું. તેમાં, આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધા માં મુખ્ય અતિથિ તરીકે મીની જોસેફ, આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (વુમન ક્રાઈમ), અમદાવાદ અને અતિથિ ડો. ડિમ્પલ રાવલ, કાયદા ખાતા ના અધ્યક્ષ, રક્ષાશક્તિ યુનિવર્સિટી માંથી ઉપસ્થિત રહ્યા હતા. ડ્રો યોર ડ્રીમ્સ એ એક અસામન્ય, ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડે એવી સ્પર્ધા છે. આ સ્પર્ધા નું આયોજન કરવા પાછળનો હેતુ વિદ્યાર્થીઓ પોતાના સપનાઓ વિષે વિચારતા થાય, એને સિદ્ધ કરવા માટે યોગ્ય દિશામાં પગલાં ભરે અને દુનિયા સમક્ષ પોતાના વિચારો, સપનાઓ વિષે મન ખોલી ને , આત્મવિશ્વાસ થી રજુઆત કરી શકે તેવો છે.

મુખ્ય અતિથિ મીનીબેન જોસેફે વિદ્યાર્થીઓને જીવન માં પોતાના સપનાઓ સિદ્ધ કરવા માટે કોઈ પણ શોર્ટ કટ ના અપનાવવા વિષે ભાર મુખ્યો હતો. ડો. ડિમ્પલબેન રાવલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ પોતાના શસ્ક્તિકરણ વિષે જાતે જાગૃત બનવું જોઈએ. આ સ્પર્ધા માં વિદ્યાર્થીઓ એ પોતાના અલગ અલગ સપનાઓ રજુ કર્યા હતા જેમાંથી નિર્ણાયક પેનલે ૧૦ વિદ્યાર્થીઓ ની પસંદગી કરી હતી. તેઓ એ મંચ પાર આવીને પોતાના દોરેલા સપનાઓને રજુ કર્યા હતા. અને તેમાંથી આખરે પેનલે ૩ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરી ઈનામો એનાયત કર્યા હતાં.